# વિભાગ - 1

## અનુક્રમણિકા

### ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, 1988


| ક્રમ | વિષય વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| 1 | ટૂંકું શીર્ષક અને લાગુ પાડવા બાબત | 7 |
| 2 | વ્યાખ્યા | 7 |
| 3 | ખાસ રૂમ કે ખાનગી વોર્ડમાં સગવડ | 12 |
| 4 | અધિકૃત ચિકિત્સક દ્વારા તબીબી સારવાર | 12 |
| 5 | અધિકૃત ચિકિત્સક સિવાય બીજી વ્યક્તિઓ દ્વારા તબીબી સારવાર | 13 |
| 6 | સરકારી કર્મચારીઓનાં કુટુંબોની તબીબી સારવાર અને ચિકિત્સા | 14 |
| 7 | પ્રવાસ ભથ્થું | 14 |
| 8 | જે હોસ્પિટલ ખાતે સારવાર લઈ શકાય તે હોસ્પિટલ અને એ અંગેની ભરપાઈ | 15 |
| 9 | નિવાસ સ્થાને સારવાર | 16 |
| 10 | (અ) સરકારી કર્મચારીઓએ ખરીદેલી દવા માટેનાં નાણાંની ભરપાઈ | 17 |
| 11 | ક્લેઈમની ભરપાઈ માટેના પ્રમાણપત્ર પર સામી સહી | 18 |
| 12 | તબીબી સારવાર સિવાયની સેવાઓ માટે ચૂકવવાનું ખર્ચ | 18 |
| 13 | રાજ્યેતર સેવામાં બદલી | 19 |
| 14 | પ્રકીર્ણ | 19 |
| 15 | તબીબી ભથ્થું મંજૂર કરવા બાબત | 19 |
| 16 | વિકલાંગો માટેની જોગવાઈઓ | 22 |
| 17 | સરકારી કર્મચારીએ મેળવેલ તબીબી સેવા અંગેનો ખર્ચ | 23 |

# તબીબી સારવાર અંગે જોગવાઈ અને માર્ગદર્શન

## શૈક્ષણિક સંસ્થાના તમામ કર્મચારી તથા નિવૃત કર્મચારી માટે

### ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૧૯૮૮

**નિયમ - ૧ : ટૂંકું શીર્ષક અને લાગુ પાડવા બાબત**

⇨આ નિયમોને ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૧૯૮૮ કહેવાય

**નિયમ - ૨ : વયાખ્યા :** દર્દી, અધિકૃત ચિકિત્સક, સરકારી હોસ્પિટલ, તબીબી સારવાર, પરિચારિકા, ચિકિત્સા, રાજ્ય.

**કુટુંબ,** (એટલે સરકારી કર્મચારીઓ સાથે રહેતા અને તેના સંપૂર્ણ આશ્રિત પત્ની કે પતિ, ઔરસ અને સાવકા પુત્ર તથા પુત્રીઓ અને માતા-પિતા તથા અપરિણિત ભાઈઓ અને બહેનો,)

**નિયમ - ૩ : ખાસ રૂમ કે ખાનગી વોર્ડમાં સગવડ**

સરકારી કર્મચારીઓને જ્યારે ખાસ કે નાણા ચૂકવીને રહેવાના વોર્ડમાં અંદરના દર્દી તરીકે સારવાર આપવામાં આવે ત્યારે હોસ્પિટલ ખર્ચના ૫૦ ટકા લેવામાં આવશે.

**નિયમ - ૪ : અધિકૃત ચિકિત્સક દ્વારા તબીબી સારવાર**

**નિયમ - ૫ : અધિકૃત ચિકિત્સક સિવાય બીજી વ્યક્તિઓ દ્વારા તબીબી સારવાર**

**નિયમ - ૬ : સરકારી કર્મચારીઓના કુટુંબોની તબીબી સારવાર અને ચિકિત્સા**

**નિયમ - ૭ : પ્રવાસ ભથ્થું**

**નિયમ - ૮ : જે હોસ્પિટલ ખાતે સારવાર લઈ શકાય તે હોસ્પિટલ અને એ અંગેની ભરપાઈ**

**નિયમ - ૯ : નિવાસસ્થાને સારવાર**

**નિયમ - ૧૦: સરકારી કર્મચારીઓએ ખરીદેલી દવા માટેનાં નાણાંની ભરપાઈ**

**નિયમ - ૧૧: ક્લેઈમની ભરપાઈ માટેના પ્રમાણપત્ર પર સામી સહી**

**નિયમ - ૧૨: તબીબી સારવાર સિવાયની સેવાઓ માટે ચૂકવવાનું ખર્ચ**

**નિયમ - ૧૩: રાજ્યેતર સેવામાં બદલી**

**નિયમ - ૧૪: પ્રકીર્ણ**

**નિયમ - ૧૫: તબીબી ભથ્થું મંજૂર કરવા બાબત**

**નિયમ - ૧૬: વિકલાંગો માટે જોગવાઈઓ**

**નિયમ - ૧૭: કેવા સંજોગોમાં લાભ ન લઈ સકાય**

# વિભાગ : 1 જોગવાઈ અને માર્ગદર્શન

## શૈક્ષણિક સંસ્થાના તમામ કર્મચારી તથા નિવૃત્ત કર્મચારી માટે

### ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, 1988

## નિયમ - 1 : ટૂંકું શીર્ષક અને લાગુ પાડવા બાબત :

(1) આ નિયમોને ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, 1988 કહેવાય

(2) જે કર્મચારીઓ ફરજ પર હોય, રજા પર હોય કે ભારતમાં અવર સેવા પર હોય કે ફરજમાફી હેઠળ હોય ત્યારે તેમની નોકરીની શરતો ગુજરાત સરકારે ઘડેલા કહેવાતાં નિયમો દ્વારા નક્કી થતી હોય તેવા બધા સરકારી કર્મચારીઓ લાગુ પડશે.

(3) આ નિયમો નીચેનાને લાગુ પડશે નહિ :

- (ક) 1954 ના અખિલ ભારત સેવા (તબીબી સારવાર) નિયમોથી નિયંત્રિત થતા સરકારી કર્મચારીઓ એટલે કે એ. આઈ. એસ. અધિકારીઓ તેમજ જિલ્લા અને સિવિલ કોર્ટના ન્યાયાધીશો વગેરે.
- (ખ) વિદેશમાં રજા પરના અથવા પ્રતિનિયુક્તિ પરના સરકારી કર્મચારીઓ.

(4) તે નીચેનાને લાગુ પડશે :

- (ક) નિવૃત્તિ વખતે તેઓ કઈ નોકરી પર હતા તે બાબત લક્ષમાં લીધા સિવાય ગુજરાત સરકારમાં પુનઃનિયુક્તિ પરના સરકારી પેન્શનરો.
- (ખ) અજમાયશીઓ
- (ગ) ગુજરાત સરકારમાં પ્રતિનિયુક્તિ પરના બીજા સરકારી કર્મચારીઓ,
- (ઘ) સરકારી હોસ્પિટલો અને તબીબી કોલેજોના માનદ્ તબીબી અધિકારીઓ,
- (ચ) એક વર્ષની સળંગ નોકરીવાળા કામ પૂરવા (વર્ક ચાર્જ) મહેકમ પરનો કર્મચારી વર્ગ,
- (છ) રાજ્યના સંવર્ગ પર પહેલા અખિલ ભારતીય સેવાઓના સભ્યો સહિત રાજ્યના પેન્શનરો, ગુજરાત રાજ્ય સેવા કમિશન તથા ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના અધ્યક્ષશ્રી અને સભ્યો અને તેમનાં કુટુંબના સભ્યો.
- (જ) બાંધકામ ખાતામાં રાબેતા મુજબના હાજરીપત્ર પર 360 દિવસની નોકરી હોય એવા એ ખાતામાં નોકરોએ રાખેલા રોજમદાર કામદારો.

**નિયમ : 2 વ્યાખ્યા :** આ નિયમોમાં વિષય કે સંદર્ભ સાથે કશું અસંગત ન હોય તો....

(1) દર્દી એટલે બીમાર પડેલ સરકારી કર્મચારી કે તેના કુટુંબનો કોઈ સભ્ય

(2) કુટુંબ એટલે સરકારી કર્મચારીઓ સાથે રહેતા અને તેના સંપૂર્ણ આશ્રિત પત્ની કે પતિ, ઔરસ અને

સાવકા પુત્રો તથા પુત્રીઓ અને માતા-પિતા તથા અપરિણિત ભાઈઓ અને બહેનો,

(3) અધિકૃત ચિકિત્સક એટલે કે જિલ્લાના સિવિલ સર્જન વર્ગ-1 ની સરકારી હોસ્પિટલના અધિક્ષક અથવા મુખ્ય મથકના વર્ગ - 2 થી ઉતરતી કક્ષાના નહીં તેવા તબીબી અધિકારી.

**સ્પષ્ટતા :** (ક) ડીન, અધિક્ષક અથવા માન્ય હોસ્પિટલોનો હવાલો ધરાવતા તબીબી અધિકારી અને તબીબી મહાવિદ્યાલયના પ્રાધ્યાપકને અથવા અધિકૃત ચિકિત્સક તે જ હોસ્પિટોલમાં એમ. બી. બી. એસ. ની ઉપાધિ ધરાવતા હોય તેવા તબીબી અધિકારીને પ્રમાણપત્ર આપવાની સત્તા સોંપી શકાશે.

નોંધ : (1) ફરજમોકુફી હેઠળના સરકારી/અધિકારીઓનસ બાબતમાં સરકારી કર્મચારીઓ/ અધિકારીઓનો દરજ્જો નક્કી કરવા માટે તેમની ફરજ મોકુફીની તારીખ પહેલાં તરત આકારેલા પગારને ધ્યાનમાં લેવાશે.

**નોંધ :** (2) સરકારી આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિની સવલોતોનો લાભ મિળવતા ગુજરાત રાજ્યમાના બધા કર્મચારીઓ અને તેમના કુટુંબના સભ્યો વગેરે માટે, એમનાં પગાર-ધોરણને લક્ષમાં લીધા સિવાય, ફિઝિશિયન અને વૈદ્ય પંચકર્મ, નિવાસી તબીબી અધિકારીઓ, સરકારી આયુર્વેદિક હોસ્પિટલનો હવાલો ધરાવતા સુપ્રિન્ટેન્ડન્ટ અને જિલ્લા આયુર્વેદિક અધિકારીઓને યથાપ્રસંગ અધિકૃત ચિકિત્સકો અથવા એમના વતી એમણે અધિકૃત કરેલા કોઈ બીજા અધિકારી અધિકૃત ચિકિત્સકો તરીકે ગણવા.

(4) સરકારી હોસ્પિટલ એટલે કોઈપણ સરકારી હોસ્પિટલ, સંપૂર્ણપણે સરકારના નિયંત્રણ હેઠળ હોય દવાખાનું પ્રસૂતિ ગૃહ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સરકારી આયુર્વેદિક હોસ્પિટલ, દવાખાના, આ તેમાં સરકારી કર્મચારીઓનસી સારવાર માટે જેની સાથે વ્યવસ્થા કરી હોય એવી બીજી હોસ્પિટલોનો પણ સમાવેશ થાય છે.

નોંધ : જિંદગી ગુમાવવાનો ભય નિવારવા તાત્કાલિક સારવાર અને ચિકિત્સા માંગી લેતા કટોકટીના કિસ્સામાં અથવા દર્દીના આરોગ્યની ગંભીર હાલતના કિસ્સામાં, ઉપર જણાવેલી સરકારી હોસ્પિટલો યોગ્ય અંતરે ન હોય તો કોઈપણ નગરપાલિકાની, જિલ્લા પંચાયતની કે રાજ્ય સહાયિત હોસ્પિટલ કે દવાખાનાને સરકારી હોસ્પિટલ તરીકે ગણવામાં આવશે. પરંતુ અધિકૃત ચિકિત્સકે લેખિત આ રીતે પ્રમાણિત કરેલું હોવું જોઈએ.

**નોંધ :** (ક) સરકાર દ્વારા અત્યાર સુધીમાં તબીબી સારવાર માટે માન્ય કરવામાં આવેલ સંસ્થાઓ (એલોપેથીક, આયુર્વેદિક અને નેચરોપથી)

| ક્રમાંક | હોસ્પિટલનું નામ : |
|---|---|
| (1) | અખંડઆનંદ આયુર્વેદિક હોસ્પિટલ, અમદાવાદ |
| (2) | તાપીબાઈ આયુર્વેદિક હોસ્પિટલ, ભાવનગર |
| (3) | શુદ્ધ આયુર્વેદિક હોસ્પિટલ, વડોદરા |

(4) શ્રીમતી મણીબેન અમૃતલાલ હરગોવનદાસ આયુર્વેદિક હોસ્પિટલ, અમદાવાદ.

(5) વસંત નેચરકયોર હોસ્પિટલ, અમદાવાદ

(6) યોગસાધના આશ્રમ, અમદાવાદ

(7) નેચરકયોર સેન્ટર, સાવરકુંડલા

(8) સૌરાષ્ટ્ર નેચરકયોર હેલ્થ સેન્ટર, રાજકોટ

(9) શ્રી હરીરલાલ ભગવતી અપંગ સહાય આશ્રમ, અમદાવાદ.

(10) હરીયા લખનશી ગોવિંદજી રોટરી હોસ્પિટલ, અમદાવાદ

(11) નવદીપ ક્લિનિક, અમદાવાદ

(12) પી. આઈ. હેલ્થ સેન્ટર, રાજકોટ (નવી માન્ય હોસ્પીટલ)

(13) ક્રિષ્ના હાર્ટ ઈન્સ્ટીટ્યુટ ઘુમા, અમદાવાદ (નવી માન્ય હોસ્પીટલ)

(14) ડી. ડી. એમ. એમ. ઈન્સ્ટીટ્યુટ નડિયાદ (નવી માન્ય હોસ્પીટલ)

ઉપર મુજબની સંસ્થાઓની રીએમ્બર્સમેન્ટના હેતુ માટે માન્યતા ચાલુ રહે ત્યા સુધી અને જો કોઈ નવી સંસ્થાઓને આ હેતુ માટે માન્યતા આપવામાં આવે તો તે સંસ્થાઓમાં સરકારી કર્મચારીઓ સારવાર પાછળ કરેલ ખર્ચ એમ્બર્સ કરી શકાશે.

નોધ : ઔષધ વિજ્ઞાનની હોમિયોપેથી પદ્ધતિનો લાભ લેવા ઈચ્છતા સરકારી કર્મચારીઓ અને તેમનાં કુટુંબ માટે, સરકારી ડકર્મચારીઓના પગારધોરણોને લક્ષમાં લીધા સિવાય સિવિલ હોસ્પિટલ, અમદાવાદનાં સરકારી હોમિયોપેથી વિભાગના તબીબી અધિકારીને અધિકૃત ચિકિત્સક તરીકે ગણવા.

(5) તબીબી સારવાર એટલે અધિકૃત ચિકિત્સક દ્વારા કે તેતે અધિકૃત કરેલા તબીબી અધિકારી દ્વારા સારવાર, અને સરકારી હોસ્પિટલ ખાતે અથવા જો તે અગાઉથી સહમત થયો હોય, તો દર્દી સરકારી હોસ્પિટલ કે અધિકૃત ચિકિત્સકના કન્સલટિંગ રૂમ પર રહી શકે એવી સ્થિતિમાં ન હોય તો દર્દીના નિવાસસ્થાને અધિકૃત ચિકિત્સકને યોગ્ય લાગે તો સલાહ-સૂચન (કન્સલ્ટેશન) માટે સરકારી નોકરીમાંના નિષ્ણાત દ્વારા સારવાર તેમજ તબીબી સારવારમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(ક) નિદાનના હેતુસર સરકારી હોસ્પિટલ કે સરકારી પ્રયોગશાળામાં મળી શકે એવી અને અધિકૃત ચિકિત્સકને જરૂરી લાગે એવી તપાસણીની રોગશાસ્ત્રીય, જીવાણુશાસ્ત્રી કે બીજી પદ્ધતિઓ અને

(ખ) સરકારી નિષ્ણાત એટલે કે સરકારી હોસ્પિટલ સાથે સંકળાયેલા પૂરા સમયના કે માન્ય તબીબી અધિકારી કે સરકારી નોકરીમાં નોકરીમાંના બીજા તબીબી અધિકારી સાથે સલાહ સૂચન અથવા તેમની ગેરહાજરીમાં અધિકૃત ચિકિત્સક સાથે ચર્ચાવિચારણા કરીને નિષ્ણાત કે તબીબી અધિકારીને યોગ્ય લાગે એવી

મર્યાદામાં અને જે રીતે જરૂરી હોય એ મુજબ અધિકૃત ચિકિત્સક પ્રમાણિત કરે એવા બીજા નિષ્ણાત સા‌ં સલાહ સૂચન (કન્સલ્ટેશન)

(ગ) જ્યારે અંતરને કારણે કેસની ગંભીરતાને કારણે સરકારી હોસ્પિટલ કે અધિકૃત ચિકિત્સકનં સામાન્ય સંપર્ક સાધવા જતાં **દર્દીની જીંદગી ભયમાં મુકાઈ હોત એવી કટોકટીમાં કોઈપણ બિનસરકારી હોસ્પિટલ કે નિષ્ણાતે આપેલી સારવાર આવા કિસ્સામાં અધિકૃત ચિકિત્સક કે દર્દીને આ નિયમો હેઠળ મળવાપાત્ર સવલતી મંજુરી મળે એ પહેલાં દર્દીની સ્થિતિ અંગે ખરાપણા અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે**

(ઘ) જો કોઈ રોગને કારણે કેટલીક શારીરિક/અશક્તા/ ખામી ઉભી થયેલ હોય તો તે દુર કરવા માટે સરકારી હોસ્પિટલો, કે સરકાર માન્ય સંસ્થાઓ કે જ્યાં આવીસ ફીઝીયોથેરાપેથીક અને ઓક્યુપેશનલ થેરાપીક સારવાર ઉપલબ્ધ હોય તો તે મળવાપાત્ર થશે, પરંતુ

(1) શારીરિક સુસજ્જતા / શક્તિ (2) સૌંદર્યનો હેતુ અથવા (3) શારીરિક સુડોળતા માટે લીધેલ સારવારનું કોઈ પણ ખર્ચ મળવાપાત્ર થશે, નહિ.

(6) **'પરિચારિકા'** એટલે સરકાર માન્ય પ્રમાણપત્ર કે ડિપ્લોમાં ધરાવતી લાયકાતવાળી પરિચારિકા અથવા જે રાજ્યમાં પરિચારિકાઓની નોંધણી માટે વૈજ્ઞાનિક જોગવાઈ હોય એવી રાજ્યમાંની માન્યતા ધરાવતી પરિચારિકા.

(7) **'ચિકિત્સા'** એટલે જ્યાં દર્દીને અંદરના કે બહારના દર્દી તરીકે મુક્ત સારવાર આપવામાં આવતી હોય એવી સરકારી હોસ્પિટલ અને મળવાપાત્ર બધી તબીબી અને સર્જિકલ સવલતોનો ઉપયોગ અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

**નોંધ :-** આંખની ચિકિત્સામાં ત્રાંસી આંખની સારવારનો સમાવેશ કરવામાં આવે છે, પણ ચશ્માની જોગવાઈનો સમાવેશ થતો નથી.

(ક) અધિકૃત ચિકિત્સકને જરૂરી લાગે એવી રોગશાસ્ત્રીય, જીવાણુશાસ્ત્રીય, કિરણશાસ્ત્રીય કે બીજી પદ્ધતિઓનો ઉપયોગ.

(ખ) રાજ્યની સરકારી હોસ્પિટલમાં સામાન્ય રીતે મળે એવી દવા, ખાસ કે સામાન્ય રસી, સીરા અથવા બીજા ઉપચારક પદાર્થો પૂરા પાડવા.

(ગ) દર્દીની સ્થિતિમાં ગંભીર હાલત સુધારવા કે અટકાવવા માટે જરૂરી હોય એ મુજબ અધિકૃત ચિકિત્સક પ્રમાણપત્ર કરે તો સરકારી હોસ્પિટલમાં સામાન્ય રીતે ન મળે એવા ખાસ કે સામાન્ય દવાઓ, રસી, સીરા અથવા બીજા ઉપચારક પદાર્થો પૂરા પાડવા.

(ઘ) દર્દીને જે હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યો હોય તેમાં સામાન્ય રીતે પૂરી પાડવામાં આવે તેવી જનરલ બોર્ડની સગવડો.

(ચ) હોસ્પિટલ અંદરના દર્દીઓને સામાન્ય રીતે પૂરી પાડે એવી પરિચર્યા (નોંધ સરકારી હોસ્પિટલ જેમાં યોગ્ય પરિચર્યા માટે નિયુક્ત કરેલ પરિચર્યા કર્મચારી વર્ગ અપૂરતા હોય અથવા દર્દીની હાલત માટે

ખાસ પરિચર્યા સવલત જરૂરી હોય તો અધિકૃત ચિકિત્સક પોતાના સ્વવિવેક અનુસાર તેને જરૂરી લાગે એટલી મુદત માટે વધારાની પરિચારિકા નિયુક્ત કરી શકશે)

(છ) હોસ્પિટલમાં બીજા દર્દીઓને સામાન્ય રીતે પૂરો પાડવામાં આવતો હોય એવો ખોરાક.

(જ) સ્ત્રી દર્દીની પ્રસૂતિ

(ઝ) લોહી આપવાની સેવા

(ટ) હોસ્પિટલ ફી નિયમો હેઠળ દાંતની સારવાર માટેની ફીની વસૂલાતને નિયમોને આધીન રહીને દાંત અંગેની સારવાર

**નોંધ :-** અધિકૃત ચિકિત્સકની સલાહ અનુસાર સરકારી હોસ્પિટલ ખાતે દાંત અંગેની સારવાર મેળવવામાં આવે ત્યારે પણ તે આ નિયમો હેઠળ આવરી લેવાતી નથી. પરંતુ જો શારિરિશાસ્ત્ર વિષયક નિદાન કે સરકારી કર્મચારી જે બીજી **અશક્તિથી પીડાતો હોય તે દર્શાવે છે કે અવસ્થાનું ખરું કારણ તો દાંતક છે** તો તે દંતરોગની મફત સારવાર માટે હકદાર છે. પરંતુ જડબાના હાડકાના, રોગ, બધાં દાંત કાઢી નાંખવા વગેરે જેવી મુખ્ય પ્રકારની સારવાર ચોક્કું વિનામૂલ્યે પૂરું પાડવું કે અધિકૃત ચિકિત્સકની. સલાહથી હોસ્પિટલની બહાર ખાનગી દાંતના દાક્તરની સારવારનો સમાવેશ થતો નથી.

(ઠ) દર્દીથી ચાલી ન શકાય એવી સ્થિતિ હોય તો હોસ્પિટલ સુધી અને હોસ્પિટલથી રહેઠાણ સુધી એમ બંને કિસ્સામાં દર્દીને લાવવા લઈ જવા જરૂરી હોય ત્યારે એમ્બ્યુલન્સવાન સેવાની જોગવાઈ,

(ડ) સરકાર/જિલ્લા પંચાયત/ નગરપાલિકાઓ અથવા સ્થાનિક કે ખાનગી સંગઠન દ્વારા સંચાલિત માન્ય કેન્દ્ર ખાનગી હડકવા પ્રતિકારક સારવાર

**નોંધ :-** આમ છતાં સરકારી કર્મચારીએ બિન-સરકારી સંસ્થાના માન્ય કેન્દ્ર ખાતે ચુકવેલ સારવાર અંગેનું ખર્ચ જો એ મુકામે સરકાર નિયંત્રિત હડકવા-પ્રતિકારક કેન્દ્ર ન હોય તો ભરપાઈ કરવાપાત્ર રહેશે.

કેસની ગુણવત્તાના આધારે ખરેખર લાયક કેસોમાં મુક્તિ આપવા તબીબી ખાતાના વડાને અધિકૃત કરવામાં આવે છે, જેના માટેનાં કારણો લેખિત નોંધવાના રહેશે.

(ઢ) માનસિક રોગની હોસ્પિટલ ખાતેની સારવાર આ નિયમોથી આવરી લેવાતી નથી પરંતુ 1912 ના ભારતના પાગલપણા અધિનિયમ હેઠળ રાજ્ય સરકારે ઘડેલા ખાસ નિયમો એને લાગુ પડે છે.

(ણ) રોગ દરમિયાન કે રોગને કાબુમાં રાખવા માટે આવશ્યક ગણાતી કમર અથવા ગળા માટેની ચીપો (SPLINTS)ને પટ્ટાને સારવારનો ભાગ ગણવામાં આવશે અને સાધન તરીકે ગણવામાં આવશે નહિ.

ઉપરના ખંડ (ણ) માં આવતા કમર અથવા ગળા વગેરે માટેની **'ચીપો અને પટ્ટો'** એ શબ્દ પ્રયોગમાં 'ઘુંટણ' નીચેના ભાગ માટેની ચીપોનો તેમજ નીચેની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. **પરંતુ અસ્થ રોગશાસ્ત્રના સર્જન તેને સારવારના આવશ્યક ભાગ તરીકે સમાવેશ કરતા હોવા જોઈએ.**

(1) ગ્રીવાનો કોલર (CERVICAL COLLAR)

(2) ગ્રીવાનો પટ્ટો (CERVICAL BELT)

(3) લેબુસેંક્સ વેલ્ટ

(4) ટેઈલર્સ બ્રેસ

(5) જુદી જુદી ડીઝાઈનના અસ્થ્યાધાર

(6) બ્રેસ

(7) કેપિપર્સ

(8) અસ્થિવિષ્યક ખોડ સુધારવાના ખાસ જોડા

(9) કાખઘોડી

(10) કૃત્રિમ અવયવો

❀ હૃદયનો કૃત્રિમ વાલ્વ :-

સરકારી કર્મચારીએ સંબંધિત પ્રમાણપત્રો અને તબીબી અધિકારીની ભલામણ સહિત નિયામકશ્રી, આરોગ્ય સેવાઓ (તબીબી, ગાંધીનગરને અરજી કર્યા બાદ તે પરત્વે નિયામકશ્રી, આરોગ્ય (તબીબી) ગાંધીનગરની ભલામણ થયેથી હૃદયનો કૃત્રિમ વાલ્વ જે તે સરકારી કર્મચારીનો મંજુર કરવામાં આવશે. વાલ્વ આપવાની બાબત નિયામકશ્રી, આરોગ્ય સેવાઓ(તબીબી) ગાંધીનગરની મંજૂરી મળ્યા બાદ વહીવટી અધિકારીએ વાલ્વ આપનાર સંસ્થાને/એજન્સીને તેની કિંમત અંગેની સીધી ચુકવણી કરવાની રહેશે.

❀ (થ) પેશમેકર :-

સરકારી કર્મચારીઓ. સંબંધિત પ્રમાણપત્રો અને નિયામકશ્રી, કાર્ડીયોલોજી ઈન્સ્ટીટ્યુટ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદની ભલામણના આધારે નીચે જણાવ્યા મુજબના રીએમ્બર્સની કરી શકશે.

(1) વેન્ટીક્યુલર-કિંમત રૂ. 10,000 સુધીનું

(2) એટરીઓ વેન્ટીક્યુલર કિંમત રૂ. 32,000 સુધીનું

આ અંગેનું ખર્ચ ઉપરની મર્યાદામાં રહીને સરકારી કર્મચારીઓ સીધે સીધું રીએમ્બર્સ કરી શકશે.

(દ) સાંભળવાના સાધન (HEARING AID) માટેની ભરપાઈ કાન, નાક ગળાના સર્જન પ્રમાણપત્ર આપે તો સરકારી કર્મચારીને ફક્ત એક જ વખત મળવાપાત્ર છે.

❀ 'રાજ્ય' એટલે ગુજરાત રાજ્ય, સિવાય કે ભારતનાં બીજાં રાજ્યો સાથે પરસ્પર વ્યવસ્થાની બાબત તરીકે અન્યથા સ્પષ્ટ કરી જોગવાઈ કરી હોય.

## નિયમ : 3 ખાસ રૂમ કે ખાનગી વોર્ડમાં સગવડ

સરકારી કર્મચારીઓને જ્યારે ખાસ કે નાણાં ચૂકવીને રહેવાના વોર્ડમાં અંદરના દર્દી તરીકે સારવાર આપવામાં આવે ત્યારે હોસ્પિટલ ખર્ચના 50 ટકા લેવામાં આવશે.

## નિયમ : 4 : અધિકૃત ચિકિત્સક દ્વારા તબીબી સારવાર :

(1) સરકારી કર્મચારી બહારના અને અંદરના દર્દી તરીકે મફત સારવાર મેળવવા હકદાર રહેશે.

(2) દર્દી-પેટા નિયમ (1) હેઠળ તબીબી સારવાર મેળવવા હકદાર હોય ત્યારે આવી સારવાર અંગે તેણે ચૂકવેલી કોઈપણ રકમ અધિકૃત ચિકિત્સકનું લેખિત પ્રમાણપત્ર રજૂ કરવા સરકારી કર્મચારીને ભરપાઈ કરી અપાશે.

**સ્પષ્ટતા :** (1) જે કિસ્સાઓમાં એક જ સમયે બંને પદ્ધતિ હેઠળ સારવાર લેવામાં આવે છે તે બંને પદ્ધતિ હેઠળ લેવામાં આવેલ સારવારના ખર્ચના નાણા સરકારી મજરે મળવાપાત્ર નથી. પરંતુ બે પૈકીની **એક જ પદ્ધતિ હેઠળ લીધેલ સારવારના નાણાં મળવાપાત્ર છે.**

**સ્પષ્ટતા :** (2) સરકારી કર્મચારીએ એક જ સમયગાળા દરમિયાન અલગ અલગ રોગ માટે અલગ અલગ માન્ય ચિકિત્સા પદ્ધતિ હેઠળ સારવાર લીધેલ હોય તેવા કિસ્સામાં સરકારી કર્મચારીને એક કરતાં વધુ માન્ય ચિકિત્સા હેઠળ અલગ અલગ રોગ માટે થયેલ ખર્ચ મળવાપાત્ર ગણવું.

## નિયમ : 5 અધિકૃત ચિકિત્સક સિવાય બીજી વ્યક્તિઓ દ્વારા તબીબી સારવાર

(1) અધિકૃત ચિકિત્સકને મતે દર્દીનો કેસ એવો ગંભીર કે ખાસ પ્રકારનો જણાય કે તેને માટે પોતાના સિવાયની બીજી કોઈ વ્યક્તિ દ્વારા સારવાર જરૂરી હોય તો અમદાવાદમાં તે આરોગ્ય અને તબીબી સેવાઓ **(તબીબી) ના નિયામકશ્રીના પૂર્વમંજૂરીથી** અને મુફસિલમાં સંબંધિત જિલ્લાના સિવિલ સર્જનની પૂર્વમંજૂરીથી અને ચિકિત્સક તરીકે સિવિલ સર્જન પોતે હોય એવા કિસ્સામાં આરોગ્ય અને તબીબી સેવાઓ (તબીબી) ના નીયામકની પૂર્વમંજૂરીથી નીચે પ્રમાણે કાર્યવાહી કરી શકાશે. સિવાય કે તેમાં થનાર વિલંબ દર્દીના **આરોગ્યને ભયરૂપ બનવાને સંભવ હોય** આવી મંજૂરી લેખિત મેળવવાની રહેશે.

(ક) એમના મતે જેમની તબીબી સારવાર જરૂરી હોય તેવા નજીકની સરકારી નિષ્ણાતકે અન્ય માનદ્ તબીબી અધિકારી પાસે દર્દીને મોકલી આપે **અથવા**

(ખ) દર્દી મુસાફરી ન કરી શકે તેટલો માંદો હોય તો દર્દીની સારવાર માટે આવા નિષ્ણાત કે બીજા તબીબી અધિકારીને બોલાવે.

**નોંધ : 1 :** આવી પૂર્વમંજૂરી મેળવવામાં દર્દીને આરોગ્યને ભયરૂપ બને એવો વિલંબ થવાની સંભાવના હોય તો અધિકૃત ચિકિત્સક આ પેટાનિયમના ખંડ(ક) અને (ખ) મુજબ કાર્યવાહી કરી શકાશે અને તે પછી ઉપરી અધિકારીને અહેવાલ તાત્કાલિક મોકલી આપશે.

**નોંધ : 2 :** જે સરકારી હોસ્પિટલ ખાતે અધિકૃત ચિકિત્સક નીમવામાં આવેલા હોય તે હોસ્પિટલ ખાતે દર્દીને રાબેતા મુજબના સલાહસૂચન માટે પુરા સમયના કે માનદ્ નિષ્ણાત પાસે મોકલ્યો હોય તો ઉપર જણાવ્યા મુજબની મંજૂરી જરૂરી નથી.

(2) પેટા નિયમ - (1) ના ખંડ (ક) અનુસાર મોકલેલ દર્દી, અધિકૃત - ચિકિત્સકનું લેખિત પ્રમાણપત્ર રજૂ કર્યેથી, **નિષ્ણાત કે બીજા તબીબી અધિકારીઓના મુખ્ય મથકે આવવા જવાની મુસાફરી માટે પ્રવાસભથ્થું મેળવવા હકદાર રહેશે.**

(3) પેટા નિયમ (1) ના ખંડ (ખ) હેઠળ બોલાવેલ સરકારી નિષ્ણાત કે બીજા કોઈ તબીબી અધિકારી આ અંગેનું અધિકૃત ચિકિત્સકનું લેખિત પ્રમાણપત્રક રજૂ કર્યેથી દર્દી હોય તે સ્થળે આવવા જવાની મુસાફરી માટે પ્રવાસભથ્થું મેળવવા હકદાર રહેશે.

(4) સરકારી નિષ્ણાત કે બીજા તબીબી અધિકારીએ દર્દીને પોતાના કન્સલન્ટિંગ રૂમ કે દર્દીના નિવાસસ્થાને તપાસ્યો હોય તો તેમનું અધિકૃત ચિકિત્સકને વાજબી લાગે એવી **સલાહસૂચન ફી ચૂકવવામાં** આવશે.

## નિયમ : 6 સરકારી કર્મચારીઓના કુટુંબોની તબીબી સારવાર અને ચિકિત્સા :

સરકારી કર્મચારીના કુટુંબના સભ્યો આ નિયમો હેઠળ સરકારી કર્મચારીને જે ધોરણે અને શરતોએ સરકારી હોસ્પિટલ ખાતે મફત તબીબી સારવાર અને ચિકિત્સા મળે છે એ ધોરણે અને શરતોએ મફત સરકારી તબીબી સારવાર અને ચિકિત્સા માટે તથાં સરકારી કર્મચારીને મળતાં પ્રવાસ ભથ્થા માટે હકદાર થશે. આમાં પ્રસૂતિ સમયે બેથી વધુ બાળકો જીવંત હોય તો પ્રસૂતિ દરમિયાન વંધીકરણ ઓપરેશનની શરતે સરકારી કર્મચારીની પત્નીની સરકારી હોસ્પિટલ/દવાખાના કે પ્રસૂતિગૃહમાં પ્રસૂતિનો તથા પ્રસૂતિ અને પ્રસૂતિ પછીની સારવારનો સમાવેશ થાય છે.

## નિયમ : 7 પ્રવાસ ભથ્થું

જે સ્થળે દર્દી માંદો પડે કે એ સ્થળે અધિકૃત ચિકિત્સકનું મથક ન હોય ત્યારે..

(ક) દર્દી આવા મુખ્ય મથકે આવવા જવાની મુસાફરી માટે પ્રવાસભથ્થું મેળવવા હકદાર રહેશે, **અથવા**

(ખ) દર્દી મુસાફરી ન કરી શકે એટલો માંદો હોય તો અધિકૃત ચિકિત્સક જે સ્થળે દર્દી હોય એ સ્થળે આવવા જવાની મુસાફરી માટે પ્રવાસભથ્થું મેળવવા હકદાર રહેશે. પરંતુ દર્દીના દાંતના દાક્તર કે આંખના દાક્તરની સારવાર સારૂ મુસાફરી માટે પ્રવાસભથ્થું મેળવવા હકદાર રહેશે નહિ.

(2) પેટા નિયમ - (ખ) હેઠળ પ્રવાસભથ્થા માટેની અરજી સાથે દર્દી મુસાફરી ન શકે એટલા તે અશક્ત હતા તે મતલબનું અધિકૃત ચિકિત્સકનું લેખિત પ્રમાણપત્ર જોડેલું હોવું જોઈએ.

(3) નિયમ -5 અને 6 હેઠળ તબીબી સારવાર માટે દર્દીને બીજા કોઈ સ્થળે મુસાફરી કરવાની જરૂર પડે અને અધિકૃત ચિકિત્સકને લાગે કે પ્રવાસ કરવો સલાહભર્યો નથી તો અધિકૃત ચિકિત્સક પોતે તેના જવાને સ્થાને દર્દી સાથે જઈ શકશે કે દર્દી સાથે બીજા કોઈ પરિચરને મોકલવાની વ્યવસ્થા કરી શકશે. પરિચર કર્મચારી હોય તો તે ફરજ દરમિયાન મુસાફરી પર છે એમ ગણવામાં અને પ્રવાસ પરની મુસાફરી માટે ભથ્થું આકરી શકશે. અને તે સરકારી કર્મચારી ન હોય તો દર્દી જે યોગ્ય વર્ગની મુસાફરી કરે તે વર્ગના કે પરિચર જે નીચલા વર્ગની ખરેખરી મુસાફરી કરે તે વર્ગના એક વખતના ભાડા માટે હકદાર રહેશે.

(4) (ક) આ નિયમો હેઠળ કરેલી મુસાફરી માટે પ્રવાસભથ્થું સરકારી કર્મચારી માટે હકદાર હોય તે વર્ગની મુસાફરી માટે હકદાર રહેશે.

(ગ) દર્દીની સારવાર માટે બોલાવેલ સરકારી તબીબી અધિકારી નિષ્ણાતો, નિષ્ણાતના દરજ્જા અનુસાર અધિકૃત ચિકિત્સના વ્યાજબી લાગે એવા દરે પ્રવાસભથ્થા માટે હકદાર રહેશે.

## નિયમ : 8 જે હોસ્પિટલ ખાતે સારવાર લઈ શકાય તે હોસ્પિટલ અને એ અંગેની ભરપાઈ :

(1) દર્દીની નીચેની હોસ્પિટલો ખાતે મફત સારવાર મેળવવા હકદાર રહેશે.

**નિયમ - 8 (ક) :** તે માંદો પડે તે મુકામ (સ્ટેશન) કે જિલ્લામાંની સરકારી હોસ્પિટલ, જે અધિકૃત ચિકિત્સકના મતે જરૂરી અને યોગ્ય સારવાર પૂરી પાડી શકે, અથવા

**નિયમ - 8 (ખ) :** ખંડ (ક) માં જણાવી છે એવી હોસ્પિટલ ન હોય તો, મથક કો જિલ્લામાંની સરકારી હોસ્પિટલ સિવાયની બીજી એવી હોસ્પિટલ જે અધિકૃત ચિકિત્સકના મતે જરૂરી અને યોગ્ય સારવાર પૂરી પાડી શકે અથવા

**નિયમ - 8 (ગ) :** ખંડ (ક) અને (ખ) માં જણાવી છે એવી હોસ્પિટલ ન હોય તો રાજ્યમાંની એવી હોસ્પિટલ જે અધિકૃત ચિકિત્સકના મતે જરૂરી અને યોગ્ય સારવાર પૂરી પાડી શકશે. પરંતુ કોઈ અપવાદરૂપ કેસ અંગે અધિકૃત ચિકિત્સકનો એવો મત હોય કે જરૂરી અને યોગ્ય સારવાર રાજ્ય બહારની (પરંતુ ભારતની અંદર) હોસ્પિટલમાં જ મળે એમ છે, તો તે આરોગ્ય અને તબીબી સેવાઓ (તબીબી) ના નિયામકશ્રીની મંજૂરી (જે અગાઉથી મેળવવામાં આવશે, સિવાય કે વિલંબ દર્દીના આરોગ્યને ભયરૂપ બનતો હોય) મેળવી સારવાર માટે દર્દીને આવી હોસ્પિટલમાં મોકલી આપશે.

**નિયમ - 8 (ઘ) :** રાજ્ય બહાર સારવાર : (1) ઉપરના ખંડ (ગ) બતાવેલ કારણો મુજબ દર્દીને રાજ્ય સારવાર માટે નિયામકશ્રીની પૂર્વમંજૂરી લઈને મોકલવામાં આવે તો તે રાજ્યની સરકાર માન્ય હોસ્પિટલ અધિકૃત ચિકિત્સક પાસેથી થનાર સંભવિત ખર્ચનું પ્રમાણપત્ર રજૂ કરેથી ખંડ(ગ) મુજબ પૂર્વમંજૂરી આપતી ખાતા પાસેથી પોતાના ખાતા પાસેથી મેળવશે પેશગીની રકમ વસૂલ કરવાની જવાબદારી સંબંધકર્તા ખાતાની રહેશે. ઉક્ત પેશગી સરકારી કર્મચારીઓના તબીબી સારવાર પાછળ થનાર ખર્ચને પહોંચી વળવાના આશયથી મંજૂર કરવાની હોવાથી બિનવ્યાજકી તરીકે ગણવાની રહેશે.

(2) જે હોસ્પિટલમાં મફત સારવાર માટે પેટાનિયમ (1) હેઠળ સરકારી કર્મચારી હકદાર હોય ત્યારે આવી સારવાર અંગે તેણે ચૂકવેલી કોઈ પણ રકમ, આ અંગે અધિકૃત ચિકિત્સકનું લેખિત પ્રમાણપત્ર રજૂ કર્યેથી, સરકારી કર્મચારીને સરકાર ભરપાઈ કરી આપશે. પરંતુ શરત એ કે ખાસ પરિચર્યા (NURSING) આ સારવારના ભાગરૂપ હોય ત્યાં આવી પરિચર્યા અંગે ભરપાઈ કરવાની રકમ, ખાસ પરિચર્યાની મુદત માટેના સરકારી કર્મચારીના પગારના 25 ટકા વધુ રકમની મર્યાદામાં રહેશે.

(3) પેટાનિયમ-(1) હેઠળ સારવારના હેતુ માટે પોતે માંદો પડ્યો હોય તે સિવાયના બીજા મુકામે દર્દીને જવું પડે તો આ અંગે અધિકૃત ચિકિત્સક પાસેથી પાસેથી લેખિત પ્રમાણપત્ર રજૂ કર્યેથી આવી સારવાર

જે સ્થળે મેળવી હોય તે સ્થળે આવવા - જવાની મુસાફરી માટે પ્રવાસભથ્થું મેળવવાને હકદાર રહેશે. નિયમ-7 ના પેટા નિયમ (3) માં જોગવાઈ કર્યા મુજબ અધિકૃત ચિકિત્સક લેખિત પ્રમાણમાં આપે કે પરિચર સિવાય મુસાફરી કરવી દર્દી માટે સલામતીભરી નથી. અને દર્દીની સાથે સારવારના સ્થળે જવા તેમજ પાછા આવવા માટે પરિચરની આવશ્યકતા છે તો પરિચરને પણ આવું પ્રવાસભથ્થું મળશે.

(4) સરકારી કર્મચારી **તાકીદની સારવાર માટે કટોકીટીના કિસ્સામાં અમાન્ય હોસ્પિટલ/દવાખાનામાં** એક્સ-રે લેબોરેટરી તપાસ, લોહીની તપાસ, પેશાબની તપાસ, ઝાડાની તપાસ વગેરે તપાસ માટે કરવામાં આવેલ ખર્ચને સરકારી હોસ્પિટલમાં લેવામાં આવતી ફીના ધોરણે સરભર કરી મજરે મેળવી શકશે.

**નિયમ-8 (ચ) : વિદેશમાં લીધેલ તબીબી સારવારનો ખર્ચ મજરે મળવા બાબત :**

(1) સામાન્ય રીતે વિદેશમાં લીધેલ સારવારનો ખર્ચ મજરે મળવાપાત્ર નથી.

(2) જે કેસોમાં ભારતમાં સારવાર ઉપલબ્ધ ન હોય અથવા સારવાર ઉપલબ્ધ હોય પરંતુ જોખમકારક હોય અને પૂર્ણ વિકસિત ન હોય તેવા સંજોગોમાં નીચેની શરતોને આધીન વિદેશમાં લીધેલા સારવારનું ખર્ચ પરત ભરપાઈ કરી શકાય છે.

(અ) વિદેશમાં સારવાર મેળવવા માટે નિયામકશ્રી, આરોગ્ય શિક્ષણ, ગાંધીનગરની પૂર્વમંજૂરી મેળવવાની રહેશે. સિવાય કે વિલંબ દર્દીના આરોગ્યને ભયરૂપ બનતો હોય તેવા સંજોગોમાં અધિકૃત ચિકિત્સક દ્વારા દર્દીના હિતમાં વિદેશમાં તાત્કાલિક સારવાર લેવી અનિવાર્ય હતી તેવું પ્રમાણપત્ર આપેલ હોય.

(બ) 'ફોરેન એક્સચેન્જ રુલ્સ' હેઠળ વિદેશમાં સારવાર માટે જોઈતા ફોરેન એક્સચેન્જ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા મારફત મેળવી લેવું.

(ક) ફક્ત દર્દીને જ હોસ્પિટલનું ખર્ચ તેમજ હવાઈ મુસાફરી પરત ભરપાઈ કરી શકશે. પરિચરને આવું પ્રવાસભથ્થું મળી શકશે નહિ.

(3) હવાઈ મુસાફરી ભથ્થું તથા હોસ્પિટલ ખર્ચ નીચે મુજબ પરત ભરપાઈ કરી શકશે.

(અ) જે સરકારી કર્મચારીની વાર્ષિક આવક રૂ. 30,000 થી ઓછી હોય તેવા કિસ્સામાં 90%

(બ) જે સરકારી કર્મચારીની વાર્ષિક આવક રૂ. 30,000 અને 60,000 ની વચ્ચે હોય તેવા કિસ્સામાં 75%

(ક) જે સરકારી કર્મચારીની વાર્ષિક આવક રૂ. 60,000 થી 1,00,000 ની વચ્ચે હોય તેવા કિસ્સામાં 50%

(ડ) જે સરકારી કર્મચારીની વાર્ષિક આવક રૂ. 1,00,000 થી વધુ હોય તેવા કિસ્સામાં શૂન્ય

(4) સરકારી કર્મચારીની વાર્ષિક આવકમાં સરકારી કર્મચારી તથા કુટુંબના સભ્યોની આવક તેમજ અન્ય આવક ખેતીની આવક સહિતનો સમાવેશ થાય છે.

(5) આવકના પુરાવા માટે સરકારી કર્મચારી કે તેના કુટુંબના સભ્યોના ઈન્કમટેક્ષ રીટર્નની નકલો પૂરતી ગણાશે.

## નિયમ : 9 નિવાસસ્થાને સારવાર :

(1) અધિકૃત ચિકિત્સકના અભિપ્રાય મુજબ, યોગ્ય સરકારી હોસ્પિટલના અભાવે કે દુર હોવાને લીધે અથવા સખત માંદગીને લીધે નિયમ 8 ના પેટાનિયમ (1) (ક) માં જોગવાઈ કર્યા અનુસાર સારવાર આપી શકાય એમ નથી, તો દર્દીના નિવાસસ્થાને સારવાર આપી શકશે.

(2) ઉપરના પેટા-ખંડ(1) હેઠળ દર્દી જ્યારે પોતાના નિવાસસ્થાને સારવાર મેળવે ત્યારે અધિકૃત ચિકિત્સકનું પ્રમાણપત્ર તેમ જ આ અંગેના વાઉચર રજૂ કર્યેથી ખોરાક અંગેના ખર્ચ સિવાય. આવી સારવાર અંગે તેણે કરેલ ખર્ચ સામે, જો નિયમ-8 ના પેટાનિયમ (1) (ક) અન્વયે તેને સારવાર આપવનામાં આવી હોય તો આ નિયમ હેઠળ તે મફત સારવાર મેળવવા હકદાર હોય એવી સારવારના ખર્ચ જેટલી રકમની ચુકવણી માટે હકદાર રહેશે.

(3) પેટાનિયમ (2) હેઠળ મળવાપાત્ર કોઈ રકમની સાથે અધિકૃત ચિકિત્સક દ્વારા નીચેની બાબતો દર્શાવી હોય તેવું લેખિત પ્રમાણપત્ર જોડેલું હોવું જોઈએ :

(ક) પેટા-નિયમ (1) માં જણાવેલ અભિપ્રાય માટેનાં પોતાનાં કારણો, અને (ખ) પેટાનિયમ 2 માં જણાવેલી સારવારનું ખર્ચ.

## નિયમ-10 (અ) સરકારી કર્મચારીઓએ ખરીદેલી દવા માટેનાં નાણાંની ભરપાઈ :

(અ) અધિકૃત ચિકિત્સકે લખી આપેલી દવા શક્ય હોય એટલે અંશે, દર્દીએ જ્યાં સારવાર લીધી હોય તે મુકામ ખાતેથી સરકારી હોસ્પિટલ અને દવાખાનાંમાંથી આપવી. પરંતુ આવી કોઈ હોસ્પિટલમાં કોઈ દવા, રસી, સીરા કે બીજા કોઈ ઉપચારક પદાર્થો સામાન્ય રીતે પ્રાપ્ત ન હોય તો સરકારી કર્મચારી પ્રથમ તબક્કે ખરીદી શકે અને તેની કિંમત આ નિયમો સાથે જોડેલાં અનુસૂચિ-1 અનુસાર અધિકૃત ચિકિત્સકનું પ્રમાણપત્ર તેમજ જરૂરી વાઉચરો રજૂ કર્યેથી, તેને ભરપાઈ કરી આપવામાં આવશે. (વિભાગ-4 અનુસૂચિ જુઓ.)

**નોંધ : 1 :** દવા ના હોય તો પરંતુ સામાન્ય રીતે ખોરાક, ટોનિક, પ્રસાધન (ટોઈલેટ) બનાવટ જેવી બનાવટોના ખર્ચની ચૂકવણી આ નિયમ હેઠળ મળવાપાત્ર નથી. આવી બનાવટો ખોરાક, ટોનિક કે પ્રસાધન બનાવટ છે કે નહિ, એ નક્કી કરવા માટે ભારત સરકારે તેના કર્મચારીઓ માટે તૈયાર કરેલી બિનમળવાપાત્ર દવાની વખતોવખત સુધારવામાં આવે એવી યાદી સરકાર નિર્દિષ્ટ કરે એ તારીખોથી અપનાવવી.

**નોંધ : 2 :** બજારમાંથી દવા ખરીદતી વખતે સરકારી કર્મચારીએ ચૂકવેલ વેચાણવેરો આ નિયમો હેઠળ પરત મળવાપાત્ર છે. મુકામ બહારથી ખાસ દવાઓ ખરીદવા માટે સરકારી કર્મચારીઓએ ચૂકવેલ પેકિંગ અને ટપાલ ખર્ચ પરત ચૂકવવાપાત્ર નથી.

**નોંધ : 3 :** દવાઓ ખરીદવા માટેના કેશમેમો પર દવા લખી આપનાર ડોક્ટરની સામી સહી હશે

અને લખી આપેલી. તમામ દવાઓનાં નામ અને તેના પ્રમાણ સાથે દરેક દવા ખરીદવા માટે ખર્ચેલી રકમ આવશ્કતા પ્રમાણપત્ર લખેલા હશે.

**સ્પષ્ટતા :** તબીબી સારવારનાં વળતરનાં બિલો સાથે ડોક્ટરનું પ્રીસ્કીપશન સામેલ રાખવું જરૂરી નથી.

**નોંધ : 4 :** અનિયમિત કે અસંયમી ટેવોથી પ્રત્યક્ષ રીતે થયેલ કે વધેલ કે ઉગ્ર બનેલા કોઈ રોગની સારવાર પાછળ સરકારી કર્મચારીએ કરેલું ખર્ચ સરકારી કર્મચારીઓને ભરપાઈ કરી અપાશે નહિ.

**નોંધ : 5 :** તબીબી ખર્ચ ભરપાઈ કરવા અંગે રાજ્યપત્રિત અધિકારીઓની લેણી રકમ એમણે પગારબિલો પર અને બિનરાજ્યપત્રિત કર્મચારી વર્ગનાં બિલો પર આકારવાની રહેશે અને એમને ચૂકવી દેવાની રહેશે.

**નોંધ : 6 : વિદેશમાંથી ખરીદેલ દવાઓ અંગે સરકારી કર્મચારીઓએ ચૂકવેલ જકાત અંગેનું ખર્ચ આવી** દવા-દવાઓ સારવાર માટે આવશ્યક હતી અને તે દવા-દવાઓ સામાન્ય રીતે ભારતમાં ઉપલબ્ધ ન હતી એવું આરોગ્ય સેવાના નિયામક (તબીબી) પ્રમાણિત કરે એ શરતને આધીન રહીને ભરપાઈ કરવાપાત્ર ગણવું.

**નોંધ : 7 :** ડાયાબિટિસની સારવાર લેતા દર્દીઓ કે જેમને કાયમી ધોરણે ઈન્સ્યુલીનના ઈન્જેક્શન લેવા પડે છે. ડાયાબિટિસનું દર્દ લાંબાગાળાનું હોઈ તેના નિયંત્રણો માટે દર્દીઓ ઈન્સ્યુલીન જેવા ઈન્જેક્શન જાતે લેતા હોય અને માસિક રૂ. 30 નું તબીબી ભથ્થું મેળવવા ન હોય તેવા કિસ્સામાં ડીસપોઝેબલ સીરીઝ અન. નીડલનું ખર્ચ **નીચે જણાવેલ શરતોએ માન્ય ખર્ચ તરીકે ગણવામાં આવશે :**

(1) આ લાભ ડાયાબિટિસના દર્દીઓ કે જેઓ તબીબી ભથ્થું મેળવતા હોય અને જાતે જ ઘર ઈન્જેક્શન લેતા હોય તેમના પૂરતો જ મર્યાદિત રહેશે.

(2) ડાયાબિટિસના દર્દીઓ અધિકૃત તબીબી અધિકારીના પ્રીસ્કીપ્શન મુજબ ડીસ્પોઝેબલ સીરીન્જ અને નીડલ એકી સાથે ખરીદવાના રહેશે અને બિલ મૂકવાનું રહેશે.

**નોંધ : 8 :** અસમાપ્તના કેસોમાં ખાનગી ડૉક્ટર પાસેથી લીધેલ સારવાર માટે સરકારી કર્મચારીએ કરેલ રૂ. 200 સુધીના તબીબી ખર્ચની ચુકવણી કરવાનું નિયામકશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ તબીબી ગાંધીનગર મંજૂરી કરી શકશે.

## નિયમ - 11 : ક્લેઈમની ભરપાઈ માટેના પ્રમાણપત્ર પર સામી સહી

(1) આ નિયમો હેઠળ મળવાપાત્ર નાણાં ભરપાઈ કરવાના તમામ ક્લેઈમ તબીબી સારવાર અથવા **ચિકિત્સા પૂરી થયાની 6 માસની અંદર સંબંધિત સરકારી કર્મચારીના નિયંત્રણ સત્તાધિકારીને રજૂ કરવાના રહેશે** અને તે રકમ સંબંધિત સરકારી કર્મચારીના ભથ્થાં અને માનદ્ વેતન હિસાબના જે સદર ઉધારવામાં આવે છે તે સદર ખાતે ઉધારવાની રહેશે.

(2) સંબંધિત સરકારી કર્મચારી પ્રવાસભથ્થાના બિલ પર સામી સહી કરવા સત્તા ધરાવતા નિયંત્રણ સત્તાધિકારીને ભરપાઈના બધા ક્લેઈમ પર સામી સહી કરવાની રહેશે. આવા બધા ક્લેઈમ જરૂરી બિલો, વાઉચરો, પ્રમાણપત્રો વગેરેથી સમર્થિત કરવામાં આવશે. નિયંત્રણ અધિકારી ક્લેઈમ પર સામી સહી કરતાં પહેલા જે નિયમો હેઠળ મળવાપાત્ર છે તેની ખાતરી કરશે.

(3) સરકારી કર્મચારીને તબીબી હેતુસર જરૂરી હોય તેવા પ્રમાણપત્રો માટે અને રજિસ્ટ્ર મેડિકલ પ્રેક્ટિશનરોને આપેલ પ્રમાણપત્રો ઉપર પ્રતિહસ્તક કરવા માટે અધિકૃત ચિકિત્સક સરકારી કર્મચારીઓ પાસેથી કોઈપણ ફી કે ચાર્જીઝ લઈ શકાશે નહિ.

## નિયમ - 12 : તબીબી સારવાર સિવાયની સેવાઓ માટે ચૂકવવાનું ખર્ચ

(1) આ નિયમો હેઠળ મફત તબીબી સારવાર કે ચિકિત્સા મેળવવા હકદાર દર્દીની સારવાર કે ચિકિત્સા સંબંધી પરંતુ તબીબી સારવારમાં સમાવિષ્ટ ન હોય તેવી, આપવામાં આવેલી સેવાઓ માટેનું કોઈપણ ખર્ચ અધિકૃત સારવારમાં સમાવિષ્ટ ન હોય તેવી આપવામાં આવેલી સેવાઓ માટેનું કોઈપણ અધિકૃત ચિકિત્સક દ્વારા નક્કી કરવામાં આવશે અને દર્દીએ તે ચૂકવવાનું રહેશે.

(2) કોઈ સેવાનો તબીબી સારવાર કે ચિકિત્સામાં સમાવેશ થાય છે કે કેમ, એવો કોઈ પ્રશ્ન ઉત્પન્ન થાય તો તે બાબત આરોગ્ય અને તબીબી સેવાઓ (તબીબી) ના નિયામકને જણવવાની રહેશે. જેઓ જરૂર જણાશે તો સરકારને લખશે અને આ અંગે સરકારના નિર્ણય આખરી ગણાશે.

## નિયમ - 13 : રાજ્યેતર સેવામાં બદલી

રાજ્યપત્રિત સલાહ સૂચના માટે ચિકિત્સકને મળવા ઈચ્છે એ સિવાય રાજ્યેતર સરકારી રાજ્યપત્રિત અધિકારીને નિયુક્તિ આપનાર રાજ્યેતર વ્યક્તિ ચિકિત્સક પૂરા પાડ્યા હોય, તો સકારી તબીબી અધિકારીની સેવા માટે તે હકદાર નથી. પરંતુ તેને નિયુક્તિ આપનાર દ્વારા તબીબી અધિકારી પૂરા ન પાડવામાં આવ્યા હોય તો તેને નિયુક્તિ આપેલ હશે. તે જિલ્લાના કે નજીકના સિવિલ સર્જનની સેવા માટે તે હકદાર છે. આ નિયમ લોન પર આપેલ અધિકારીને લાગુ પડે છે.

## નિયમ-14 : પ્રકીર્ણ

(1.) ક્ષય, કેન્સર, રક્તિપત્ત કીડની વગેરે જેવા રોગો માટે સરકારી કર્મચારીની તબીબી સારવાર અને ચિકિત્સા માટે જ્યાં ખાસ નિયમો ઘડવામાં આવેલ છે, ત્યાં ખાસ નિયમો હેઠળ મળાવાપાત્ર રાહત તબીબી સારવાર અને ચિકિત્સા અગેના આ સામાન્ય નિયમો હેઠળ મળવાપાત્ર રાહત ઉપરાંત રહેશે.

(2) ખંડ સમયના સરકારી કર્મચારીઓ પાસેથી તબીબી સારવાર માટે ફી લેવી.

(3) માંદા પોલીસે તે ફરજ પર હાજર થવા યોગ્ છે. તેવું જાહેર કરવામાં ન આવે તેટલા સમય સુધી અથવા લાંબી માંદગી નાં કિસ્સામાં તે ફરજ પર હાજર થવા યોગ્ય છે. તેવું જાહેર કરવામાં ન આવે તેટલા સમય સુધી અથવા લાંબી માંદગીના કિસ્સામાં જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવે ત્યાં સુધી સારવાર માટે નજીકન દવાખાના કે સિવિલ હોસ્પિટલમાં જવું.

## નિયમ-15 : તબીબી ભથ્થું મંજૂર કરવા બાબત

નીચેની શરતોએ તબીબી ભથ્થું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે :

(1) તબીબી સારવારની રકમ નાણા વિભાગ, તરફથી નક્કી કરી જરૂરી હુકમો બહાર પાડવામાં આવશે.

(2) સરકારી કર્મચારીએ તેના કુટુંબ સહીત **સરકારી સહાયક અનુદાન મેળવતી,** નગરપાલિકા (પંચાયત) **સ્થાનિક સંસ્થા** અથવા **ટ્રસ્ટ કે સખાવતી સંસ્થા દ્વારા સંચાલિત સંસ્થા** હેઠળની હોસ્પિટલ/ દવાખાનામાં લીધેલી તબીબી સારવાર દરમિયાન તબીબી અધિકારીએ દવાઓ બહારથી ખરીદવા કરેલ ભલામણ અનુસાર ખરીદવામાં આવેલ માન્ય દવાઓના બિલના નાણાં સરભર કરી મજરે મેળવવા ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, 1988 હેઠળ લાભ મેળવવા ઈચ્છા ધરાવે છે કે કેમ.? તેની અવેજીમાં માસિક તબીબી ભથ્થું મેળવવા ઈચ્છા ધરાવે છે તે અંગે આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબનો વિકલ્પ આપવાનો રહેશે. (વિભાગ-4 માં વિકલ્પ માટે **પરિશિષ્ટ** જુઓ)

(3) પતિ, પત્ની બંને સરકારી સેવામાં . ફરજ બજાવતાં હોય તેવા કર્મચારીઓએ ઉપર જણાવેલ વિકલ્પો પૈકી **સંયુક્તપણે કોઈપણ એક જ વિકલ્પ સ્વીકારવાનો રહેશે.**

(4) માસિક તબીબી ભથ્થું મેળવવા જે કર્મચારી વિકલ્પ સ્વીકાર્યો હશે તેમણે તેમના કુટુંબ સહિત સરકારી આયુર્વેદિક, હોમિયોપેથીક કે સહાયક અનુદાન મેળવતી નગરપાલિકા/પંચાયત સ્થાનિક સંસ્થા અથવા ટ્રસ્ટ કે સખાવતી સંસ્થા દ્વારા સંચાલિત સંસ્થા હેઠળની હોસ્પિટલ/દવાખાનામાં અંદરના દર્દી તરીકે લીધેલી તબીબી સારવારની સવલત અંગે એક નાણાંકીય વર્ષમાં થયેલ રૂ. 400 સુધીનો ખર્ચ કર્મચારીએ પોતે ભોગવવાનો રહેશે. આ મર્યાદા ઉપરનો ખર્ચ ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, 1988 હેઠળ કરેલ જોગવાઈ અનુસાર સરભર કરવા આવા કર્મચારી હકદાર રહેશે.

(5) ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, 1988 ના હેતુ માટે ખાસ રીતે માન્ય કરાયેલ હોય કે/ ન હોય છતાં નગરપાલીકા (પંચાયત), સ્થાનિક અથવા ટ્રસ્ટ કે સખાવતી સંસ્થા દ્વારા સંચાલિત સંસ્થા હેઠળની હોસ્પિટલ દવાખાનામાં કર્મચારીએ તેના કુટુંબ સહિત તબીબી સારવાર લીધી હોય તેવા કિસ્સામાં તબીબી સારવાર અને દવાઓનો ખર્ચ (આવી હોસ્પિટલ વગેરેમાં સ્ટોકમાં રાખવામાં આવતી ન હોય તેવી અને બિનમળવાપાત્ર દવાઓની યાદીમાં સમાવિષ્ટ નહિ કરેલી દવાઓના ખર્ચ સહિત) મજરે મેળવા સિવિલ સર્જન કે કોઈ બીજા અધિકૃત ચિકિત્સકની સામી સહી વિના રકમ ભરપાઈ કરવાના હેતુ માટે નિયત કરેલી મર્યાદા માસિક રૂ. 100 નું કરાવાનું આથી ઠરાવવામાં આવે છે.

(6) સરકારી કર્મચારીએ તેના કુટુંબ સહિત ખાનગી અથવા સખાવતી સંસ્થાઓ દ્વારા સંચાલિત હોસ્પિટલોમાં લીધેલી તબીબી સારવાર અંગે થયેલ ખર્ચને સરકારી હોસ્પિટલ/ દવાખાનામાં લેવાતી ફીના નક્કી કરેલ ધોરણની મર્યાદામાં ખર્ચની રકમ ખાસ કેસમાં મેળવવાપાત્ર રહેશે.

(7) સરકારી અને સરકાર માન્ય હોસ્પિટલમાં કર્મચારીએ કુટુંબ સહિત ઓપરેશન, એક્સ-રે, કિરણ અને લેબોરેટરી તપાસ જેવી કે લોહીની તપાસ, પેશાબની તપાસ, ઝાડાની તપાસ વગેરે તપાસ અહેવાલ અને પ્રમાણપત્ર મેળવવા અંગે કરવામાં આવેલ ખર્ચને સરભર કરી મજરે આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(8) ઉપર જણાવેલ હુકમોના લાભ પંચાયત સેવાના કર્મચારીઓ, પ્રાથમિક શિક્ષક અને પંચાયતના પ્રતિનિયુક્તિ ઉપર મોકલેલ કે બદલી પામેલી વ્યક્તિઓ અને કામ પૂરતા મહેકમ ઉપર સળંગ એક વર્ષની

ફરજ બજાવેલ હોય તેવા કર્મચારીઓને અક્ષરસ : લાગુ પડશે. (સુધારો :- માધ્યમિક ઉચ્ચતર માધ્ય. શિક્ષકોને લાગુ પડે છે.)

**સ્પષ્ટતા :** (1) સરકારી કર્મચારીએ તેના કુટુંબ એટલે કે સરકારી કર્મચારીના, તેની સાથે રહેતા અને તેના સંપૂર્ણ આશ્રત પત્ની કે પતિ, ઔરસ અને સાવકા પુત્રો તથા પુત્રીઓ અને માતા-પિતા તથા અપરિણીત ભાઈઓ અને બહેનો સહિત સરકારી કે ગુજરા રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો 1988 ના હેતુ માટે માન્યતા મેળવેલ સરકારી સહાયક અનુદાન મેળવતી નગરપાલિકા (પંચાયત) સ્થાનિક સંસ્થા અથવા ટ્રસ્ટ કે સખાવતી સંસ્થા દ્વારા સંચાલિત અથવા ખાનગી હોસ્પિટલો/દવાખાનામાં લીધેલ તબીબી સારવાર દરમિયાન તબીબી/અધિકારીએ બહારથી દવાઓ ખરીદવા કરેલ ભલામણ આવી હોસ્પિટલ/દવાખાનઓમાં સ્ટોકમાં રાખવામાં આવતી ન હોય તેવી અને બિન મળવાપાત્ર દવાઓની યાદીમાં સમાવિષ્ટ નહીં કરેલ નિયત દવાઓના ખર્ચ સહિત અનુસાર ખરીદવામાં આવેલ દવાઓનાં મળતાં નાણાં સરકારી કરી મજરે મેળવવાનું ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો 1988 હેઠળ લાભ મેળવવા ઈચ્છા ધરાવે છે કે તેના વિકલ્પે માસિક તબીબી ભથ્થું મેળવવા ઈચ્છા ધરાવે છે તે અંગેના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબનો વિકલ્પ અપવાનો રહેશે. આ વિકલ્પ જે તે નવા નાણાકીય વર્ષ પૂરતો અફર રહે છે. વિકલ્પ માટે કર્મચારીએ દર વર્ષે નવેસરથી જાણ કરવાની જરૂર નથી આ રીતે આપેલ વિકલ્પ ત્યારપછી જયાં સુધી અગાઉનો વિકલ્પ બદલવામાં ના આવે ત્યાં સુધી અગાઉ આપેલ વિકલ્પ જ ચાલુ રહે છે. અગાઉનો વિકલ્પ બદલવાનો હોય તો પૂરાં થતા નાણાંકીય વર્ષના માર્ચ મહિનાની 10 મી તારીખ સુધીમાં ત્યાર પછી શરૂ થતા નવા નાણાકીય વર્ષ માટે આપવાનો રહેશે. અને તેની લેખિત જાણ કરવાની રહેશે. નાણાકીય વર્ષની અધવચ્ચે વિકલ્પ બદલવાની રજૂઆત સ્વીકારવામાં આવશે નહી. આમ કર્મચારીએ વિકલ્પ બદલવો ન હોય તો દર વર્ષે વિકલ્પ આપવાનો રહેતો નથી. આ વિકલ્પની નોંધ સરકારી કર્મચારીઓની સેવાપોથી/સર્વિસ કાર્ડ/સર્વિસ રોલમાં રાખવાની રહેશે.

**સ્પષ્ટતા :** (2) નવી નિમણૂંક પામતા સરકારી કર્મચારીઓ એક વર્ષની સળંગ સેવા અંગેની શરત પૂરી કરતાં વર્કચાર્જ કર્મચારીઓ કે અન્ય જેઓને ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, 1988 લાગુ પડતા હોય તેવા કિસ્સામં સંબંધિત કર્મચારી નાણાકીય વર્ષની શરૂઆતના મહિનાથી માંડીને અંત સુધી કોઈપણ માસમાં નિમણૂકં પામે કે એક વર્ષની સળંગ સેવા પૂરી કરે તો તે માસથી સદરહુ કર્મચારી/કર્મચારીઓને તબીબી ભથ્થું વિકલ્પ સ્વીકાર્યા બાદ મળવાપાત્ર થશે.

**સ્પષ્ટતા :** (3) સરકારી કર્મચારી લાંબી રજા ઉપર હોય કે માંદગી હેઠળ હોય અથવા તો અન્ય કોઈપણ પ્રકારના સંજોગો હેઠળ વિકલ્પ નાણાંકીય વર્ષની અંતિમ માસની તારીખ સુધીમાં આપવા અશક્તિમાન બન્યા હોય તેવા કિસ્સામાં ટપાલ દ્વારા વિકલ્પ સ્વીકારી શકાશે. કર્મચારીએ હાજર થયા બાદ નિયત ફોર્મમાં પશ્ચાતવર્તી વિકલ્પ સ્વીકારવાનો રહેશે.

**સ્પષ્ટતા :** (4) (અ) પતિ, પત્ની, ભાઈ/બહેન, માતા/પિતા, પુત્ર/પુત્રી રાજય સરકારના કર્મચારી,

પેન્શનર હોય અને તેમને-તેણીને ગુજરાત રાજ્ય સેવા (તબીબી સરવાર) નિયમો 1988 લાગુ પડતા હોય તેવા કિસ્સામાં તેઓએ સમાન વિકલ્પ સ્વીકારવાનો રહેશે. જો તેઓ તબીબી ભથ્થું સ્વીકારવાનો વિકલ્પ આપે તો તેઓ બને તબીબી ભથ્થું મેળવવાપાત્ર થશે.

**સ્પષ્ટતા :** આ જોગવાઈ કુટુંબની વ્યાખ્યામાં સમાવેશ થઈ જતો હોય તો તેવી સરકારી કર્મચારી/પેન્શનરોના કિસ્સામાં લાગુ પડે છે. આથી જે કિસ્સાઓમાં સરકારી કર્મચારી પતિ/પત્ની, ભાઈ, બહેન, પિતા-માતા, પુત્ર/પુત્રી સાથે રહેતા ન હોય અને સંપૂર્ણ આશ્રિત ન હોય તેવા કિસ્સામાં જોગવાઈ ક્રમાંક (4) (અ) તથા સાથેના પરિશિષ્ટ-1 ની અ (2) ની જોગવાઈ લાગુ પડતી નથી. વધુમાં એવી સ્પષ્ટતા કરવામાં ઓ છે કે જો કોઈ કિસ્સામાં સરકારી કર્મચારીના પતિ,પત્ની, ભાઈ-બહેન, માતા-પિતા પુત્રી-પુત્ર સાથે રહેતા હોય પરંતુ તે કર્મચારીના સંપૂર્ણ આશ્રિત ન હોય તેવા કિસ્સામાં ક્રમાંક-4 (અ) તથા સાથેના પરિશિષ્ટ -1 ની અ(2) ની જોગવાઈ લાગુ પડતી નથી. **પરિશિષ્ટ-1 ની અ (2)માટે વિભાગ-4 જુઓ**

**સ્પષ્ટતા :** 4 (બ) સ્પષ્ટતા : 4 (અ) માં નિર્દેશિત પૈકીના કોઈ એક કે એક કરતાં વધુ કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારના જાહેર સાહસો/નિગમો, બેન્કો, મ્યુનિસિપલ કોર્પોરેશન, અર્ધસરકારી સંસ્થાઓ કે બોર્ડન કર્મચારી/પેન્શનર હોય અને તેઓને ગુજરાત રાજ્ય સેવા તબીબી સારવાર નિયમો 1988 લાગુ નહીં પડતા હોય તેવા કિસ્સાઓમાં સમાન વિકલ્પની શરત લાગુ પડશે નહિ.

**સ્પષ્ટતા :** (4) (ક) સરકારી કર્મચારીના પતિ-પત્ની પુત્ર-પુત્રી, માતા-પિતા કે ભાઈ-બહેન એક નાણાંકીય વર્ષ દરમિયાન કોઈપણ માસમાં રાજ્ય સરકારની સેવામાં નવી નિમણૂંક પુનઃ નિયુક્તિ પામે અને તેમને ગુજરાત રાજ્ય સેવાઓ (તબીબી સારવાર) નિયમો 1988 લાગુ પડતા હોય તેવા કિસ્સામાં તેઓને 4 (અ) મુજબની શરત લાગુ પડશે. નિમણૂંક પામ્યાની તારીખથી બે માસની અંદર આપેલ વિકલ્પની જાણ સંબંધિત કર્મચારીના નિયંત્રણ સત્તાધિકારીને/નિમણૂંક અધિકારીને કરવાની રહેશે.

**સ્પષ્ટતા :** (5) (1) ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર નિયમ 1988 હેઠળ નિયમ 1 (4) ની સમાવિષ્ટ જોગવાઈઓ મુજબ જે કર્મચારીઓ મેડિકલ રીએમ્બર્સમેન્ટ મેળવતા હોય તેવા તમામ સરકારી કર્મચારીઓને અને આ વિભાગ અને નાણાં વિભાગની અનુમતિથી ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો 1988 અન્વયે સારવારના હેતુસર સરકારી કર્મચારીઓ તરીકે ગણવામાં આવ્યા હોય એવા બધા વર્ગોના કર્મચારીઓ વિકલ્પ આપીને તબીબી ભથ્થું મેળવવાપાત્ર રહેશે.

(અ) નવી નિમણુંક પામતા સરકારી કર્મચારીઓ જે માસમાં નિમણુંક પામે તે નિમણુંકની તારીખથી તેમને તબીબી ભથ્થું મળવાપાત્ર થાય છે. અને વર્કચાર્જ કર્મચારીઓને જે માસમાં એક વર્ષની સળંગ સેવા પૂરી કરતાં હોય તે તારીખથી તબીબી ભથ્થું મળવાપાત્ર થાય.

(બ) ઉપરોક્ત ક્રમાંક : (ક) નવી નિમણુંક પામતા સરકારી કર્મચારીઓ અને વર્કચાર્જ કર્મચારીઓનાં કિસ્સામાં પણ લાગુ પડે છે. એથી આવા કર્મચારીઓ પાસેથી બે માસની સમયમર્યાદામાં વિકલ્પ લેવાની જવાબદારી સંબંધિત કર્મચારીના નિયંત્રણ સત્તાધિકારી/નિમણુંક અધિકારીની રહે છે. પણ હાલમાં જે કેસો

આ વિભાગના આમુખમાં દર્શાવેલ ઠરાવ બહાર પાડ્યા પછી પણ વિચારણા હેઠળ હશે તેવા કિસ્સામાં આપવાની બે માસની મુદત લાગુ પડશે

સ્પષ્ટતા : (6) સરકારી કર્મચારી કે તેમના આશ્રિતોના તબીબી સારવારના હેતુસર ભોગવેલ ખર્ચ મજરે મેળવવા માટે આ સાથેના પરિશિષ્ટ-2 અનુસૂચિ-1 મુજબના નિયમના ફોર્મમાં દાવો રજૂ કરવાનો રહેશે.

## નિયમ : 16 : વિકલાંગો માટે જોગવાઈઓ

નિયમ : 16 શારીરિક ખોડખાંપણવાળા સરકારી કર્મચારીઓ કે જેઓ જન્મથી અથવા કોઈ બીજી બીમારીને કારણે અથવા અકસ્માતના કારણે અપંગ બનેલા હોય તેવા સરકારી કર્મચારીઓને ત્રણ પૈડાવાળી હાથથી ચલાવાતી એમ્બ્યુલેટરી સાઈકલ ખરીદવા માટે સહાય ઈચ્છતા શારીરિક ખોડખાંપણવાળા સરકારી કર્મચારીઓને રૂ. 300 (અંકે રૂપિયા ત્રણસો) જેટલી નાણાંકીય સહાય મંજૂર કરતી વખતે સક્ષમ અધિકારીશ્રીએ નીચે મુજબની શરતોને આધીન રહી મંજૂરી આપવાની રહેશે.

(1) સંબંધિત સરકારી કર્મચારીએ પોતાને શારીરિક ખોડખાંપણ હોવાનું પ્રમાણપત્ર જિલ્લાના સિવિલ સર્જન અથવા ઓર્થોપેડિક સર્જન અથવા અધિકૃત તબીબી અધિકારી પાસેથી મેળવી રજૂ કરવાનું રહેશે.

(2) ત્રણ પૈડાવાળી હાથથી ચલાવાતી એમ્બ્યુલેટરી સાઈકલ ખરીદવા અંગેનું બિલ અધિકૃત સંબંધિત કર્મચારીએ રજૂ કર્યા બાદ સંબંધિત વિભાગ/કચેરી તરફથી અથવા સરકારી કર્મચારીને નાણાંકીય મદદ આપવાની રહેશે.

(3) સંબંધિત કર્મચારીએ આજ હેતુ માટે શિક્ષણ અને મજૂર વિભાગના તા. 10-4-70 ના સરકારી ઠરાવ ક્રમાંક : ઈડીબી-1069-2165 છ માસમાંની જોગવાઈઓ હેઠળ સામાજિક સુરક્ષા વિભાગ તરફથી શારીરિક ખોડખાંપણવાળી વ્યક્તિઓને મળતી નાણાકીય સહાય મેળવેલ નથી તે મતલબનું જરૂરી પ્રમાણપત્ર આપવાનુ રહેશે.

## નિયમ : 17

આ નિયમોનું કંઈપણ (1) આ નિયમોમાં સ્પષ્ટ જોગવાઈ કરી હોય તે સિવાય સરકારી કર્મચારીએ મેળવેલ તબીબી સેવા અંગે કરેલ કંઈ પણ ખર્ચ અથવા તેણે કરેલ કોઈ મુસાફરી માટે પ્રવાસ ભથ્થાની ભરપાઈ માટે તેને હકદાર બનાવશે નહિ અથવા (2) આ નિયમની અધિકૃત ન કરલ હોય એવી તબીબી ચિકિત્સા અને સારવાર કર્મચારીએ કરેલ કોઈ પ્રવાસ ભથ્થા અંગેની કોઈ રાહત તેને આપતાં સરકારને અટકાવશે નહિ.

• • • •